જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૧/૨૦૨૧ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૩૬/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૦૬ | ૪ | ૧૧૧૧૦ | ૧૭૨૩૬ | ૪ | ૧૭૨૪૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૯૫ | ૨ | ૪૬૯૭ | ૬૨૧૮ | ૨ | ૬૨૨૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૬૦૬૭ | ૧૮૩ | ૨૬૨૫૦ | ૨૭૨૬૫ | ૧૯૫ | ૨૭૪૬૦ |
| કુલ | | ૪૧૯૩૧ | ૧૮૯ | ૪૨૧૨૦ | ૫૦૯૭૯ | ૨૦૧ | ૫૧૧૮૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૨ | ૧૭,૨૦,૭૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૮૩૧ | ૩૮,૩૧,૦૦૦/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન

## પોકેટકોપ મોબાઈલ ફોનના માધ્યમથી નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાયેલ વાહનચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સિનીયર પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબની સીધા સુપરવિઝન હેઠળ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોર્ડ વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી સાહેબ તથા મ.સ.ઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા હે.કો. સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા પો.કો.પ્રહલાદસિંહ સિવસંગભાઈ બ.નં.૬૩૬૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૪/૧૫ વાગે નારોલ સર્કલ પાસે ઉભા રહી વાહન ચેકીંગ કરતા એક એક ઓટોરિક્ષા નં.જીજે.૩૮.ડબલ્યુ.૦૮૪૪ ની ચલાવી લઈ એક ઈસમ શંકાસ્પદ હાલતમાં આવતા જણાતા તેમને રોકી પુછપરછ કરી તેની પાસે ઓટોરિક્ષાના આધાર પુરાવા કે કાગળો માંગતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી અને ગલ્લા તલ્લા કરવા લાગેલ જેથી સાથેના પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ નાઓએ પોકેટકોપ મોબાઈલ ફોનથી ઓટોરિક્ષાના માલિકનુ નામ સર્ચ કરી તેઓને ફોનથી પુછપરછ કરતાં જીતેન્દ્રભાઈ લાલજીભાઈ ઠાકોર ઉ.વ.૨૮ ધંધો.મજુરીકામ રહે.ગામ.કિલેવાસણા તા.ધોળકા જી.અમદાવાદની માલિકીનુ હોવાનુ જણાતાં તેમનો મોબાઈલ ફોનથી સંપર્ક કરતાં ગઈકાલ તા.૦૩/૦૧/૨૦૨૦ ના બપોરના ચારેક વાગ્યાની આસપાસ નારોલથી વીશાલા જતા હાઇવે રોડ ઉપર આર.વી.ડેનીમ કંપની સામે જીદાલ કંપની જવાના રોડના નાકેથી ચોરી થયેલાનુ જણાવેલ જેથી સદરી બાબતે તપાસ કરતાં નારોલ પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૦૨૯/૨૦૨૦ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપી કૌશલસિંગ ઉર્ફે કબીરસિંગ રમેશસિંગ જાતે ઠાકુર ઉ.વ.૨૫ ધંધો.મજુરીકામ રહે.આઝાદનગર દશામાતાના મંદિરની બાજુમાં ફતેવાડી સરખેજ અમદાવાદ શહેર મુળ વતન.એનÁ૨Á૬૯૪, સીતાપુર રોડ યોજના અલીગંજ બહેટા બઠા સબીલી લખનૌ ઉત્તરપ્રદેશની પાસેથી ઓટોરિક્ષા મળી આવેલ જેનો એન્જીન નંબર AZYWHG05166 તથા ચેચીસ નંબર MD2A27AY6HWG61016 નો છે. જેની કિ.રૂ.૭૦૦૦૦/- ગણી ઉપરોકત ગુનાના કામે અટક કરી પોકેટકોપ મોબાઈલ ફોનના માધ્યમથી વાહનચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



# સી ટીમની કામગીરી

## નરોડા પોલીસ સ્ટેશન

## ગુમ થયેલ મહીલાને શોધી કાઢતી નરોડા પોલીસ સ્ટેશનની "શી" ટીમ

આજ રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ આજરોજ તા-૦૫-૦૬-૨૦ નરોડા પોલીસ સ્ટેશન શી ટીમ દ્વારા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન નરોડા પોલીસ સ્ટેશની શી ટીમ તથા ધનસુરા પો.સ્ટેના નટવરસિંહ ઉદેસિંહ બ.ન.૭૪ નાઓની સાથે રહી ધનસુરા પો.સ્ટે જા.જોગ.ન ૦૧/૨૦૨૧ ના કામે ગુમ થનાર જાગ્રુતિ બેન વા/ઓ અશોકભાઇ રતિલાલ પટેલ રહે વ્રજપુરા કંપા તા ધનસુરા  નાઓ નરોડા પો.સ્ટે વિસ્તારમા  મુઠીયા ગામે રહેતા હોય જેઓની તપાસ કરતા મળી આવેલ હોય તેઓની તથા તેઓના પ્રેમી ધનજીભાઇ મેધજીભાઇ ગુગલ રહે ધનસુરા ચાર રસ્તા પેટ્રોલ પંપ ની પાછળ નાઓએ તપાસના કામે ધનસુરા પો.સ્ટે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૫/૦૧/૨૦૨૧

## કામગીરી કરનાર કર્મચારી

પો.સબ.ઇન્સ એસ.એમ.ઠાકોર તથા "શી" ટીમના માણસો પો.કોન્સ સંજયદાન શાંતીદાન, વુ.પો.કોન્સ રુચિતાબેન નરોત્તમભાઇ,વુ એલ.આર.માયાબેન પારસદાન, વુ.લો.ર પ્રિયંકાબેન વિનુભાઇ, વુ.હે.કો.કમળાબેન ગેમાભાઇ, વુ.લો.ર પ્રિયંકાબેન રામજીભાઇ, વુ.લો.ર ભુમિકાબેન મનુભાઇ પો.કો નિતેષકુમાર રાજેશભાઇ



# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે રમેશભાઈ ઉર્ફે લલ્લુ અશોકભાઈ જાતે તેલુગુ ઉ.વ.૪૪ રહે.શંકર જમાદારની ચાલી, છેલ્લા બસ સ્ટેન્ડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩ ૨૦૨૨૩૧/૨૦ ઈ.પી.કો. કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૨૯૪(ખ),૩૨૪,૫૦૬(૧) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૨૩૩/૨૦ ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૧/૨૦૨૧ તા.૦૫/૦૧/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે “મધ્યસ્થ જેલ-રાજકોટ” ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૫/૦૧/૨૦૨૧ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે “મધ્યસ્થ જેલ-રાજકોટ” ખાતે મોકલી આપેલ છે.તા.૦૫/૦૧/૨૦૨૧

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ એમ.કે.પટેલ

(૨) લોકરક્ષક કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩

(૩) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૪) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## ઓઢવ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત લાજપોર જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

શીવમ સ/ઓ અહિવરનસિંહ પાલ ઉ.વ-૨૧ ધંધો-છુટક મજુરી રહે-મ.નં ૬૬૬ કમલેશપાર્ક મહેશ્વરીનગર વિભાગ-3 તક્ષશીલા સ્કુલની પાસે ઓઢવ અમદાવાદ શહેર

### પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ર નં ૧૬૨/૨૦૧૯ ઇ. પી. કો. કલમ - ૩૨૫, ૩૨૪ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી. પી એકટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.A/11191037201234/2020 ઇ. પી. કો કલમ - ૩૨૪, ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટ કલમ - ૧૩૫(૧) મુજબ

### પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં- પીસીબી/ડીટીએન/પાસા/૪૦/૨૦૨૧ તા. ૦૫/૦૧/૨૦૨૧તથા બજવણી તા. ૦૫/૦૧/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે :- સુરત લાજપોર જેલ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા અનાર્મ હે કો સંજયકુમાર કડવાજી બ. નં- ૫૨૦૭ તથા અ પો કો અશોકભાઇ મોહનભાઇ બ. નં. ૬૨૮૫

## પીસીબી

## " સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી  વિદેશી દારુની બોટલો નંગ-૧૨૧ તથા ટીન બીયર નંગ-૨૪ સાથે કુલ રૂપિયા ૨૧,૧૨૦/- મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈન્સ.શ્રી એ.ડી.ચાવડાનાઓ ના માર્ગદર્શન હેઠળ  તા.૨૭.૧૧.૨૦૨૦ ના રોજ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ અ.હેડ.કોન્સ. મહેન્દ્ર વાસુદેવભાઇ અ.હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ, અ.હેડ.કોન્સ. દીપનારાયણ રાજનારાયણ, વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન મસઈ ધનરાજસિહ માનસિહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે નહી પકડાયેલ આરોપી શ્રવણ ઉર્ફે બલીયો જોરાજી ઠાકોર ના મકાન નંબર બ્લોક નંબર ૭/૨૯૦ વાલ્મીકી આવાસના મકાનમા થી નોબલનગર અમદાવાદ ખાતેથી ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૧૨૦  કિ.રૂ.૧૭,૬૪૦/ તથા ટીન બીયર નંગ ૨૪ કિ.રૂ.૩Ê૪૮૦/ મળી  કુલ્લે કિ.રૂ.૨૧Ê૧૨૦ /- મુદામાલ પકડી પાડી આ કામે ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૦૨૦૩૭૬૩/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નહી મળી આવેલ વોન્ટેડ આરોપીઓ :**

(૧) શ્રવણ ઉર્ફે બલીયો જોરાજી ઠાકોર (૨)  રાજેશ ઉર્ફે રાજુ રમેશભાઈ યાદવ (૩) નિકુલ ઉર્ફે બીટુ સુરેશભાઈ  ગોરાટકર  ત્રણેય રહે.વાલ્મીકી આવાસ નોબલનગર અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા :**

નહી પક્ડાયેલ આરોપી શ્રવણ ઉર્ફે બલીયો જોરાજી ઠાકોર ના મકાન નંબર બ્લોક નંબર ૭/૨૯૦ વાલ્મીકી આવાસના મકાનમા થી નોબલનગર અમદાવાદ શહેર

**પકડાયેલ મુદામાલ :**

ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૧૨૦  કિ.રૂ.૧૭,૬૪૦/ તથા ટીન બીયર નંગ ૨૪  કિ.રૂ.૩,૪૮૦/ મળી કુલ્લે કિ.રૂ.૨૧,૧૨૦/- ની મતાનો મુદામાલ



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૭/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૨૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૧,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૯/૨૦૨૧</u>**

**સાબરમતીઃ** જીતેન્દ્રકુમાર કનૈયાલાલ શાહ (રહે.હરીપાર્ક સોસાયટી પાવન પાર્ટી પ્લોટ પાસે અંકુર નારણપુરા) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૩/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાના સ્કુટરની ડેકી ખોલી અજાણ્યો પુરૂષ ડેકીમાંથી સાબરમતી ન્યુ રાણીપ આકાશ રેસીડન્સીમાં આવેલ "પાયલ જ્વેલર્સ" નામની દુકાનના તાળાની ચાવી ચોરી કરી દુકાનના તાળા ખોલી દુકાનમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૪,૬૪,૯૫૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એલ.મહેતા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૦/૨૦૨૧</u>**

**શહેરકોટડાઃ** યશભાઇ બિપીનભાઇ મિસ્ત્રી (ઉ.વ.૨૦) (રહે. લુહાર શેરી સરસપુર) તા.૦૫/૦૧/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે યશભાઇ માથાનો દુખાવો બંધ થવાની ગોળી લેવા મેડીકલમાં જતા હતા ત્યારે સરસપુર હરીભાઈ ગોદાણીના દવાખાના નજીક "પટેલ સોડા શોપ" આગળ યશભાઇને બે અજાણ્યા પુરૂષ મળ્યા હતા. જે પૈકી એક પુરૂષે યશભાઇને વાતોમાં ભોળવી તેમના ખભા પર હાથ મુકી કેફી ઔષધથી બેભાન કરી યશભાઇએ પહેરેલ સોનાની વિંટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, ચાંદીની લકી કિમત રૂપિયા ૨,૫૦૦/- અને મોબાઇલ ફોન કિમત રૂપિયા ૭૦૦૦/- કાઢી લઈ ચોરી કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ યશભાઇ મિસ્ત્રીએ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૧/૨૦૨૧**

**નરોડાઃ** અનિલકુમાર રાજેન્દ્રકુમાર પંડ્યા (ઉ.વ.૩૪) (રહે.દેવનંદન સંકલ્પ સીટી નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિહ કલ્યાણસિહ ચલાવે છે.

**રામોલઃ** મયુર લક્ષ્મણભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે.ભગવતીનગર સોસાયટી શંકર એસ્ટેટની બાજુમાં સી.ટી.એમ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૧ સાજના ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી